
# ધ્રુવ

– રતિલાલ સાં નાયક

ઉત્તાનપાદ નામે રાજા હતો. એને સુનીતિ અને સુરુચિ નામની બે રાણીઓ હતી. સુનીતિ અણમાનીતી અને સુરુચિ માનીતી હતી.

બન્ને રાણીઓને એકેક કુંવર. અણમાનીતી સુનીતિના કુંવરનું નામ ધ્રુવ અને માનીતી સુરુચિના કુંવરનું નામ ઉત્તમ.

એક વાર રાજા સભામાં બેઠા હતા. એમની સાથે એમની માનીતી રાણી સુરુચિ પણ બેઠી હતી. સુરુચિનો પુત્ર ઉત્તમ ઉત્તાનપાદ રાજાના ખોળામાં રમતો હતો.



એવામાં સુનીતિનો પુત્ર ધ્રુવ રમતો રમતો સભામાં આવી ચડયો. ઉત્તમની જેમ એ પણ પિતાના ખોળામાં બેસવા ગયો. સુરુચિને એ ગમ્યું નહિ ને એને હાથ ઝાલી ઉઠાડી મૂક્યો, 'રાજાના ખોળામાં બેસવું હોય તો તારે પુત્ર તરીકે મારે ત્યાં અવતાર લેવો જોઈએ.'

ધ્રુવને ખૂબ માઠું લાગ્યું. તે રડતો રડતો પોતાની માતા સુનીતિ પાસે ગયો. માતાને એને છાનો રાખી રડવાનું કારણ પૂછયું. ધ્રુવે બધી બીના કહી સંભળાવી. સુનીતિ ખૂબ દુ:ખી થઈ. એણે પુત્રને દિલાસો આપ્યો.

ધ્રુવે પૂછયું, 'બા ! પિતાજીના ખોળા કરતાં બીજા કોઈનો ખોળો મોટો નહિ હોય ?'

માતાએ કહ્યું, 'કેમ નહિ ? ભગવાનનો ખોળો સૌથી મોટો.'

ધ્રુવે પૂછયું, 'ભગવાન ક્યાં હોય ? શું કરીએ તો એ મળે ?'

સુનીતિએ કહ્યું, 'ભગવાન તો ઘણા દૂર છે. જોકે એટલા જ પાસે છે. એમને મેળવવા સહેલા નથી. વનમાં જઈ તપ કરીએ તો મળે.'

સુનીતિ તો આ વાત કરીને ભૂલી ગઈ પણ ધ્રુવ આ વાત ભૂલ્યો. એક દિવસ ખરેખર ભગવાનને મેળવવા એ તૈયાર થયો. સુનીતિએ ઘણું સમજાવ્યો પણ એ ન માન્યો. સુનીતિએ એને વનમાં તપ કરવા જવાની રજા આપવી જ પડી.

વનમાં પહેલાં તો એને નારદ ઋષિ મળ્યા. એમણે એને બરાબર કસી જોયો. એમને લાગ્યું કે ધ્રુવ ખરા મનથી ભગવાનને મળવા માગે છે. એમણે એને તપની રીત બતાવી. મંત્ર પણ આપ્યો.

ધ્રુવે તપ શરૂ કર્યું. પહેલાં તે વનફળ ખાઈને રહ્યો. પછી ઝાડનાં પાંદડાં ઉપર ગુજારો કર્યો. એ પછી માત્ર પાણી ઉપર રહ્યો. છેવટે પાણી પણ છોડયું.

ધ્રુવની ટેક જોઈ ભગવાનને આવવું પડયું. એમણે એને દર્શન આપી કહ્યું, 'હું તારા ઉપર પ્રસન્ન થયો છું. માગ, તારે શું જોઈએ ?'

ધ્રુવે કહ્યું, 'હું તો તમારો ખોળો શોધતો આવ્યો. મને તમારી પાસે સ્થાન આપો.'

ભગવાને કહ્યું, 'ભલે, પણ પહેલાં તારાં માતપિતા પાસે જા. તેમની પાસે લાંબો સમય રહે. પછી હું તને મારી પાસે લઈ લઈશ.'

ધ્રુવ ઘેર આવ્યો. ઘેર આવી એ સૌ પ્રથમ અપર માને પગે લાગ્યો. કહ્યું, 'તમે મહેણું ન માર્યું હોત તો મને ભગવાન ન મળત.'

ધ્રુવનાં માતપિતાને ઘણો આનંદ થયો.

રાજાએ એને રાજ્ય આપ્યું. ધ્રુવની માતા સુનીતિનું દુઃખ ગયું ને સુખનું વહાણું વાયું.

ધ્રુવે ઘણાં વરસ રાજ્ય કર્યું. પછી એનું મૃત્યુ થયું. ભગવાને એને કહ્યા પ્રમાણે પોતાની પાસે સ્થાન આપ્યું.

લોકોએ પણ આકાશના એક તારાને ધ્રુવનું નામ આપી ધ્રુવને અમર કર્યો. એ તારો આકાશમાં ઉત્તરમાં છે ને આઘોપાછો થયા વિના સ્થિર રહી ચળકે છે.

■